## તા.૧૨/૧૨/૨૦૨૫

## લોકરક્ષક કેડર આખરી પરીણામ (Final Result)

જાહેરાત ક્રમાંકઃ GPRB/202324/1 અન્વયે લોકરક્ષક કેડરની કામચલાઉ અને હંગામી પસંદગી યાદી તા.૦૨/૧૨/૨૦૨૫ નારોજ વેબસાઇટ ઉપર બહાર પાડવામાં આવેલ.

૨/- લોકરક્ષક કેડરની કામચલાઉ અને હંગામી યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારો તથા કામચલાઉ અને હંગામી યાદીમાં સમાવેશ થયેલ ન હોય તેવા ઉમેદવારો અન્ય કોઇ ભરતીમાં પસંદગી પામેલ હોય અથવા તો અન્ય કોઇ કારણોસર લોકરક્ષક કેડરની ભરતીમાં ભાગ લેવા માંગતા ન હોય તો ઉમેદવાર પોતાની ઉમેદવારી પરત ખેંચી પોતાની ઉમેદવારીનો હક જતો કરી શકે છે તે માટે તા.૦૮/૧૨/૨૦૨૫ ના રાત્રી કલાકઃ ૨૩.૫૯ સુધી OJAS ની વેબસાઇટ પર **Withdraw Candidature / OPT Out** મંગાવવામાં આવેલ.

૩/- કુલ-૩૩૮ ઉમેદવારોની OJAS ની વેબસાઇટ પર માન્ય **Withdraw Candidature / OPT Out** મળેલ છે.

૪/- ઉપરોકત ઉમેદવારોએ ઉમેદવારી જતી કરતા બાકી રહેતા ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરી આખરી પસંદગી યાદી વેબસાઇટ ઉપર જાહેર કરવામાં આવે છે.

(A) આખરી પસંદગી યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારોની માહિતી જોવા માટે અહીં કલીક કરો..............

(B) આખરી પસંદગી યાદીમાં સમાવેશ થયેલ ન હોય તેવા ઉમેદવારોની માહિતી જોવા માટે અહીં કલીક કરો..............

૫/- પસંદગી યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારોની આગળની કાર્યવાહી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, પોલીસ ભવન, ગાંધીનગર નાઓ ધ્વારા કરવાની રહેતી હોવાથી પસંદગી યાદીને લગત રેકર્ડ તેઓશ્રી તરફ મોકલી આપવામાં આવે છે.

૬/- જાતિ અંગેના પ્રમાણપત્રમાં SEBC ઉમેદવારોના કિસ્સામાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને ST ઉમેદવારોના કિસ્સામાં આદિજાતિ વિકાસ વિભાગ ધ્વારા વેરીફીકેશન કામગીરીની પ્રક્રિયા હાલ ચાલુ છે.

ઉપરોકત જાહેર કરેલ પસંદગી યાદીમાં જે ઉમેદવારોની જાતિ અંગેના પ્રમાણપત્રોની ચકાસણી બાકીમાં છે તે ઉમેદવારોના સંબંધિત વિભાગ ધ્વારા આ પ્રમાણપત્ર માન્ય કે અમાન્ય ગણવા નિર્ણય કરવામાં આવ્યેથી તેઓને તે કેટેગરીનો લાભ મળવાપાત્ર છે કે કેમ? તે અંગે આગળની કાર્યવાહી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી ધ્વારા કરવામાં આવશે.

- જાતિ અંગેના પ્રમાણપત્રોની ચકાસણી બાકીમાં છે તેવા ઉમેદવારોની માહિતી જોવા માટે અહીં કલીક કરો..............

૭/- આ આખરી પસંદગી યાદીમાં કટઓફ નીચે મુજબ છે.

(1) બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (UPC)

| Category | MALE | FEMALE | Ex-serviceman |
|---|---|---|---|
| GENERAL | 132.25 | 113.50 | 105.80 |
| EWS | 125.50 | 98.25 | 100.40 |
| SC | 121.28 | 102.25 | - |
| SEBC | 127.25 | 105.25 | 101.80 |
| ST | 101.25 | 80.00 | - |

(2) હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (APC)

| Category | MALE | FEMALE | Ex-serviceman |
|---|---|---|---|
| GENERAL | 124.50 | 100.75 | 99.60 |
| EWS | 121.50 | 83.00 | - |
| SC | 117.50 | 96.25 | - |
| SEBC | 123.00 | 97.75 | 98.40 |
| ST | 90.25 | - | - |

(3) જેલ સિપોઇ પુરૂષ (Jail Sepoy) / જેલ સિપોઇ મહિલા (Jail Matron)

| Category | MALE | FEMALE | Ex-serviceman |
|---|---|---|---|
| GENERAL | 121.75 | 97.75 | - |
| EWS | 118.75 | 80.50 | - |
| SC | 115.50 | 96.25 | - |
| SEBC | 121.00 | 97.50 | - |
| ST | 81.00 | 83.25 | - |

(4) હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (SRPF)

| Category | MALE | Exserviceman |
|---|---|---|
| GENERAL | 120.50 | 96.40 |
| EWS | 118.25 | - |
| SC | 115.25 | - |
| SEBC | 119.75 | 95.80 |
| ST | 80.50 | - |

૮/- આ આખરી પસંદગી યાદીના **Selection Cadre** ના કોલમમાં (Abbreviation) (1) **UPC** = બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (UNARMED POLICE CONSTABLE) (2) **APC** = હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (ARMED POLICE CONSTABLE) (3) **JAIL SEPOY** = જેલ સિપોઇ પુરૂષ / જેલ સિપોઇ મહિલા (Jail Matron) ((JAIL SEPOY-MAIL / JAIL MATRON-FEMALE) (4) **SRPF=** હથિયારી પોલીસ કોન્સ્ટેબલ એસ.આર.પી.એફ. (STATE RESERVE POLICE FORCE) દર્શાવવામાં આવેલ છે. જે ધ્યાને લેવુ.

૯/- આ આખરી પસંદગી યાદી તૈયાર કરવામાં **લોકરક્ષક કેડરની જે-તે સંવર્ગની ખાલી જગ્યાઓ ધ્યાને લઇ મેરીટ મુજબ પસંદગી યાદી તૈયાર** કરતી સમયે બે કે તેથી વધારે ઉમેદવારોના સમાન ગુણ હોય ત્યારે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(એ) તેવા કિસ્સામાં ઉમેદવારોની જન્મ તારીખ ધ્યાને લેવામાં આવેલ છે, જન્મ તારીખ પ્રમાણે વધુ ઉંમરવાળા ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવેલ છે.

(બી) જો ગુણ અને જન્મ તારીખ બંન્ને સમાન હોય ત્યારે ઉમેદવારોની ઉંચાઇ ધ્યાને લેવામાં આવેલ છે, જે ઉમેદવારની ઉંચાઇ વધુ છે તે ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવેલ છે.

(સી) જો ગુણ, જન્મ તારીખ અને ઉંચાઇ સમાન હોય ત્યારે ઉમેદવારોના હાયર સેકન્ડરી પરીક્ષા અથવા ગુજરાત સરકારશ્રી ધ્વારા માન્ય ધોરણ-૧૨ સમકક્ષ પરીક્ષામાં મેળવેલ ગુણની ટકાવારી ધ્યાને લેવામાં આવેલ છે, જે ઉમેદવારની ટકાવારી વધુ હશે તે ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવેલ છે.

૧૦/- ભરતી પ્રક્રિયા દરમ્યાન કોઇપણ ઉમેદવાર ગેરલાયક હોવા છતાં તેમને યાંત્રિક, કલેરીકલ અથવા બીજી કોઇપણ ભૂલના લીધે લાયક ગણવામાં આવેલ હશે અગર પસંદ કરવામાં આવેલ હશે, તો કોઈપણ તબક્કે તે રદ થવાપાત્ર રહેશે. જે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

૧૧/- સરકારશ્રી / નામદાર કોર્ટ તરફથી વખતો વખત જે ચૂકાદો/ નિર્ણય આવશે તે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

૧૨/- (A) લોકરક્ષક કેડર આખરી પસંદગી યાદી (Final Result)માં અનુસુચિત જન જાતિ (ST)ના મહિલા ઉમેદવારોની ખાલી રહેલ જગ્યાઓ પૈકી કુલ-૨૧૯ અનુસુચિત જન જાતિ (ST)ના પુરૂષ ઉમેદવારોને બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (UPC) સંવર્ગમાં-૫૫ તથા હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (APC) સંવર્ગમાં-૧૬૪ સમાવેશ કરવામાં આવેલ છે.

(B) વધુમાં અનુસુચિત જન જાતિ (ST)ના પુરૂષ ઉમેદવારોની કુલ-૮૪ (જેલ સિપોઇ (Jail Sepoy) સંવર્ગમાં-૪૩ અને હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (SRPF) સંવર્ગમાં-૪૧) તથા અનુસુચિત જન જાતિ (ST)ના મહિલા ઉમેદવારોની જેલ મેટ્રન સંવર્ગમાં-૧૧ અને આર્થિક રીતે નબળા વર્ગ (EWS) મહિલા ઉમેદવારોની જેલ મેટ્રન સંવર્ગમાં-૬ મળી કુલ-૧૦૧ જગ્યાઓ ખાલી રહેવા પામે છે.